બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :

# ઈસુ લોકોને
# જમાડે છે



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Janie Forest

અનુકૂલન : Ruth Klassen

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

અમૂક ધાર્મિક આગેવાનો (જેમને ફરોશી) કહેવામાં
આવતા તેઓ
ઈસુ વિશે
જૂઠાણું
ચલાવ્યું.



અમુક લોકો તેને મારી પણ નાખવા પ્રયત્નો કર્યા.
તેમણે વિશ્વાસ
ન કર્યો કે તે
દેવનો
દીકરો
છે.



તેણે ચમત્કારો કર્યા, જે સાબિત કરતા હતા કે તે ઈશ્વર
પુત્ર છે છતાં તેમણે તેનો
સ્વીકાર કર્યો
નહીં.



એક દિવસે ઈસુ ગાલીલના સમુદ્રને પાર કરીને બીજી બાજુ ગયો. કદાચ જે લોકો તેની આસપાસ એકઠા થયા હતા તેમની પાસેથી કદાચ તે થોડો આરામ લેવા માંગતો હતો.



પણ લોકોના ટોળાએ તેને શોધી કાઢ્યો. તેઓને ખબર હતી કે ઈસુએ મહાન ચમત્કારો કર્યા હતાં. તેઓ તેની સાથે રહેવા માંગતા હતાં.




ઈસુ તેમના શિષ્યોને દોરીને એક ઉજજડ પહાડની
જગ્યા પર આવ્યો અને ત્યાં બેસીને
શિષ્યોને શિક્ષણ
આપવા લાગ્યો.

હવે ત્યાં વધુને વધુ લોકો આવવા લાગ્યા. હવે
થોડા જ સમયમાં જ રાત થવા આવી હતી.
કદાચ બધા લોકો
ભૂખ્યા થયા હશે.



ઈસુએ ટોળાને જોયું. “આપણે ક્યાંથી એટલી બધી રોટલીઓ ખરીદીએ કે જેથી આ લોકોને આપણે આપી શકીએ?” ફિલીપે પ્રશ્ન પૂછ્યો. ત્યાં તેઓની પાસે કોઈ દુકાન કે હોટલ ન



હતી.

ઈસુ શું કરવાની યોજના કરી રહ્યાં હતાં?

“આ લોકોને ખવડાવવા માટે ઘણા નાણાંની જરૂર પડશે.” ફિલીપે ઈસુને જવાબ આપ્યો. ઈસુ અને તેમના શિષ્યો પાસે પૈસા ન હતાં.





બીજો એક શિષ્ય
આન્દ્રિયા (જે સીમોન
પીતરનો ભાઈ હતો)
તેણે ઈસુને કહ્યું કે,
“એક દીકરા પાસે
પાંચ જવની રોટલી
અને બે નાની
માછલીઓ છે ...”

“... પણ તે આટલા બધા લોકો માટે કેવી રીતે થઈ શકે?” આન્દ્રિયાને ખબર નહોતી આ છોકરાનો નાસ્તો આ બધા લોકોને જમાડી શકે છે, પણ આ છોકરાએ પોતાનું જમવાનું ઈસુને આપી દેવુ પડે તેમ હતું.



ઈસુએ કહ્યું, “લોકોને નીચે બેસાડી દો.” તેથી લગભગ ૫૦૦૦ જેટલા પુરુષો નીચે બેસી ગયા.

અરે બાપ રે! પાંચ હજાર!

આ સંખ્યામાં સ્ત્રીઓ અને બાળકોનો સમાવેશ કરવામાં આવેલ નથી.



ત્યારબાદ ઈસુએ આ રોટલીઓ
અને માછલીઓ હાથમાં લીધી.
આ છોકરાએ ઈસુ પર વિશ્વાસ
મૂક્યો હશે. તેને ખબર
નહોતી શા
માટે ઈસુને
તેનું જમવાનું
જોઈતુ હતું.



અથવા ઈસુ તેની સાથે શું કરવાના
હતા. એણે કદાચ વિચાર્યું હશે,
“જો હું મારું જમવાનું આપી
દઈશ તો હું શું ખાઈશ” ગમે
તેમ હોય પણ
તેણે તેનું
જમવાનું
આપી દીધુ.



ત્યારબાદ ઈસુએ પ્રાર્થના કરી. તેણે ઈશ્વરનો આભાર માન્યો. આ પાંચ રોટલી અને બે માછલી માટે? હા! ઈસુએ ઈશ્વરને "તમારો આભાર" એમ કહીને આ ભોજન પર આશીર્વાદ આપવા માટે કહ્યું.



પ્રાર્થના કર્યા પછી ઈસુએ આ
રોટલીઓને અને માછલીઓને
પોતાના શિષ્યોને આપી
અને લોકોને તેની વહેંચણી
કરવા માટે જણાવ્યું.
ત્યારબાદ લોકો જોઈ શક્યા
કે કેવી રીતે ઈસુએ
ચમત્કાર કર્યો.



દરેક વ્યક્તિને જેટલું
જોઈતું હતું તેટલું ખાધું.
છતાં પણ રોટલીઓ અને
માછલીઓ ખલાસ થઈ
ગઈ નહોતી.



દરેક વ્યક્તિ જમ્યા પછીપણ હજુ પુષ્કળ રોટલી અને માછલી વધી પડી હતી. “વધેલો ખોરાક એકઠો કરો જેથી કાંઈ પણ નકામુ ન જાય.” ઈસુએ શિષ્યોને કહ્યું.



જે લોકો જમ્યા હતા તેમાંથી છાંડેલા કકડાં એકઠા કર્યા એટલે કે તે પાંચ રોટલી અને બે માછલીમાંથી બાર ટોપલીઓ ભરીને ખાવાનું વધ્યું.



તે દિવસે એક છોકરાના ભોજન દ્વારા ઈસુએ પાંચ હજાર લોકોને જમાડ્યા. બીજા એક સમયે તેમણે બીજા ૪૦૦૦ લોકોને, ફક્ત સાત રોટલી અને થોડી માછલીઓથી જમાડ્યા.

જ્યારે સામાન્ય વ્યક્તિઓએ આવા ચિહ્ન ...



... જોયા ત્યારે તેઓ ફરોશીઓની જેમ ગુસ્સે થયા નહીં. પણ તેને બદલે તેમણે કહ્યું કે, “આ તે પ્રબોધક છે કે જે દુનિયામાં આવવાનો હતો” તેમને ખબર પડી કે ઈસુ એવો એક ઉદ્ધારક છે જેને ઈશ્વરના પવિત્ર વચનોમાં વચન આપવામાં આવ્યું છે.



# ઈસુ લોકોને જમાડે છે

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

યોહાન ૬

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

# સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે
મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી
તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો.
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી
શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું
તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬